# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રા અને કેવિકે, દેવાતજ ના સંયુકત ઉપક્રમે કિસાન શિબિર યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રા અને કેવિકે, દેવાતજ ના સંયુકત ઉપક્રમે તા. ૦૭.૧૨.૨૦૨૩ ને ગુરૂવારનાં રોજ માન. કુલપતિશ્રી, ડો.કે.બી.કથીરીયાના માર્ગદર્શન હેઠળ કિસાન શિબિર યોજાઇ જેમાં પરીક્ષેત્ર વન અધિકારીની કચેરી, સામાજીક વનીકરણ રેંજ, સોજીત્રા ખાતેથી વન રક્ષક તરીકે કાર્યરત શ્રી નીલેશભાઇ ભરવાડ તેમજ સુમીતભાઇ ચુનાર મળી કુલ ૪૦ જેટલા ખેડૂતભાઇઓ હાજર રહ્યા હતાં.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. વાય.સી.લકુમ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત તેમજ પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યુ. તેઓએ તેમનાં વ્યક્તવ્યમાં ખેત વિસ્તારમાં જમીનનું ધોવાણ અટકે તેમજ વધુ આવક મળી રહે તે માટે કૃષિ વનીકરણ અંતર્ગત ખેતી પાકો સાથે અનુકુળ હોય તેવા વિવિધ ફળાવ તેમજ ઇમારતી વૃક્ષો વાવવા તેમજ પર્યાવરણને સુરક્ષીત રાખવા જણાવ્યુ. તેઓએ તેમના વક્તવ્યમાં પ્રાકૃતિક કૃષિને અપનાવી ખેતી ખર્ચ ઘટાડવા  જણાવ્યુ. અત્રેનાં કેન્દ્રના પાક સંરક્ષણ વૈજ્ઞાનિક ડો. આર. એમ. પટેલ દ્વારા જૈવિક વિવિધતા ના સંરક્ષણ માટે વૃક્ષોની ઉપયોગીતા વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી. તેઓએ જણાવ્યુકે કૃષિ વનીકરણ લીધે ખેત પર્યાવરણમાં ઉપયોગી કીટભક્ષી પક્ષીઓને પણ વિવિધ વૃક્ષો પર આશ્રયસ્થાન પ્રાપ્ત થાય છે.

નીલેશભાઇએ સામાજીક વનીકરણને લગતી ખેડૂત ઉપયોગી વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી. તેઓએ વિવિધ યોજનાઓ હેઠળ નર્સરી બનાવા તેમજ શેઢા પાળા ઉપર વૃક્ષો ઉછેરવા અંતર્ગત મળતી સહાય નો લાભ લઇ વધુ આવક મેળવવા તેમજ પર્યાવરણની જાળવણી કરવા સર્વેને પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમમાં ઉપસ્થિત સિવિલ એન્જીનીયર તેમજ હાલ મોટા વિસ્તારમાં ખેતી પાકો સાથે એગ્રોફોરેસ્ટ્રી અપનાવનાર ખણસોલ ગામના પ્રગતિશીલ અને ઉત્સાહી ખેડૂત જીતુભાઇ પટેલ દ્વારા તેમણે અપનાવેલ તક્નીકો વિષે વિસ્તૃત માહિતી આપી અને વધુ આવક મેળવવા ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમના અંતે ડો. આર.એમ. પટેલે સર્વેનો આભાર વ્યક્ત કર્યો.

કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન કેવિકેનાં કર્મચારીગણ દ્વારા કરવામાં આવેલ.

## કાર્યક્રમની ઝાંખીઓ




કિશાન શિબિર


સામાજીક વનીકરણ વિભાગ, આણંદ
કિશાન શિબિર
સામાજીક વનીકરણ રેંજ - સોજીત્રા


સામાજીક વનીકરણ વિભાગ, આણંદ
કિશાન શિબિર
સામાજીક વનીકરણ રેંજ - સોજીત્રા